# ચૌદ ગુણસ્થાનક




શ્રુતભક્તિ સૌજન્યદાતા

શ્રી પ્રતાપરાય દલીચંદ દોશી તરફથી શાંતાક્રુઝ

મિથ્યાત્વના ભેદ

| આભિગ્રહિક | અનાભિગ્રહિક | આભિનિવેશિક | સાંશયિક | અનાભોગિક |
|---|---|---|---|---|
| વિપરીત સમજણના કારણે અન્ય દર્શન ઉપર શ્રદ્ધાનો આગ્રહ રાખે. | યોગ્ય સમજણનો અભાવ હોવાથી સર્વ દર્શનો ઉપર શ્રદ્ધા રાખે. કોઈ દર્શનનો આગ્રહ ન રાખો | અહંકારના કારણે અસત્યને અસત્ય સમજવા છતાં પોતે સ્વીકારેલી માન્યતાને પકડી રાખે. કદાગ્રહ વાળી બુદ્ધિ. | વીતરાગની વાણી ઉપર શંકા કરે | અજ્ઞાનતાના કારણે શ્રદ્ધા નથી ખોટો આગ્રહ પણ નથી. કોઈ સત્ય સમજાવે તો સમજી જાય. સરળતા છે. |


મોહનીય કર્મ
દર્શનમોહનીય (૩ ભેદ)
ચારિત્રમોહનીય (૨૫ ભેદ)
સમ્યક્ત્વ મોહનીય
મિથ્યાત્વ મોહનીય
મિશ્ર મોહનીય
કષાયમોહનીય (૧૬)
નોકષાયમોહનીય (૯)
અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ (૪)
અપ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ (૪)
પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ (૪)
સંજ્વલન ક્રોધ-માન માયા-લોભ
હાસ્ય રતિ અરતિ ભય શોક જુગુપ્સા (૬)
સ્ત્રી વેદ પુરુષ વેદ નપુંસક વેદ (૩)
દર્શન સપ્તક




શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર
(૧૪ ગુણસ્થાનક)
ગુણસ્થાન ૨ થી ૪

પહેલા મિથ્યાત્વગુણસ્થાને થી છેલ્લે અંતરકરણની વિશિષ્ટ ક્રિયા કરી જીવ સીધો ચોથા ગુણસ્થાને પહોંચી જાય છે.

## (૪) અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન :

<u>અંતરકરણ</u> : અનિવૃત્તિકરણ કરતી વખતે મિથ્યાત્વ મોહનીયના, સંખ્યાતભાગ પસાર થાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે જીવ વચ્ચે આંતરૂ (Gap) પાડી દે છે. આંતરું પડે ત્યારે એક અંતર્મુહૂર્તમાં વચ્ચેની સ્થિતિ મિથ્યાત્વના દલિક (પુદ્ગલો) ખાલી થઈ જાય, તેને અંતરકરણ કહે છે.




(૧) અંતરકરણ પુરું થયા પછી જીવના પરિણામ અનુસાર શુદ્ધ સમકિતના પુંજ (પુદ્ગલો) ઉદયમાં આવે તો <u>ક્ષાયોપશમ</u> સમકિત પ્રાપ્ત થાય. ગુણસ્થાન – ૪

(૨) જો જીવના પરિણામ મધ્યસ્થ હોય અને મિશ્ર પુંજ એટલે અર્ધશુદ્ધ પુંજ ઉદયમાં આવે તો મિશ્રગુણસ્થાન – ૩

(૩) જો જીવના પરિણામ કલુષિત થાય અને મિથ્યાત્વ મોહનીયનો પુંજ ઉદયમાં આવે તો મિથ્યાત્વ ગુણસ્થાનક – ૧ પ્રાપ્ત થાય.

અંતરકરણમાં પ્રવેશ થયો એટલે ૪ થું ગુણસ્થાન.
ચોથા ગુણસ્થાનમાં <u>ઉપશમ સમ્યક્ત્વ</u>નો કાળ માત્ર અંતર્મુહૂર્ત છે.
આંતરામાં રહેતા રહેતા જીવ આગળ જે મિથ્યાત્વ આવવાનું છે એના ત્રણ ઢગલા (પુંજ) કરે છે એને ત્રિપુંજ કરણ પણ કહે છે.
મોહનીયની ત્રણ પ્રકૃતિ (૧) સમ્યક્ત્વ મોહનીય (૨) મિશ્રમોહનીય અને (૩) મિથ્યાત્વ મોહનીય

મોહનીયની ત્રણ પ્રકૃતિમાંથી ગમે તે એક ઉદયમાં આવે. જો સમ્યક્ત્વ મોહનીય ઉદયમાં આવે તો ૪ થા ગુ. સ્થાને રહે પણ ઉપશમમાંથી <u>ક્ષાયોપશમ</u> સમ્યક્ત્વ કહેવાય. અને જો મિશ્રમોહનીય ઉદયમાં આવે તો <u>ત્રીજા મિશ્રગુણસ્થાને</u> જાય. મિથ્યાત્વ મોહનીય ઉદયમાં આવે તો ગબડીને <u>પહેલા મિથ્યાત્વ ગુણસ્થાને</u> જાય.

## ૧૪ ગુણસ્થાનક

ગુણોનું સ્થાનક એટલે ગુણસ્થાનક. દરેક આત્મામાં કેવળજ્ઞાન રહેલું છે. ભગવાનના જેટલું જ અને જેવું જ કેવળજ્ઞાન આપણા આત્મામાં છે, પણ ફરક એટલો કે આપણું કેવળજ્ઞાન ઢંકાયેલું છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય વગેરે ભવોમાં આવરણો વધારે છે. જેમ ઈન્દ્રિયો વધે તેમ આવરણો ઓછા થતાં જીવના શક્તિનો ઉઘાડ થાય છે.

પંચેન્દ્રિય ભવમાં જ્ઞાન, તર્ક, ઈન્દ્રિયોની શક્તિ વધારે છે પણ જો મોહ (મોહનીય કર્મ)નું જોર વધુ હોય તો નરક ગતિમાં લઈ જાય પણ એજ શક્તિ જો મોહને જીતવામાં Positive માર્ગે વાપરીએ તો મોક્ષે પણ લઈ જાય. એકેન્દ્રિય ભવોની અપેક્ષાએ આપણા ગુણો ખુલ્લા વધારે અને કેવળીની અપેક્ષાએ આપણા ગુણો ઢંકાયેલા વધારે.

આત્મામાં રહેલા ગુણોનો ઉઘાડ થવો, ગુણોનું પ્રગટ થવું તેનું જ નામ ગુણસ્થાનક.

ગુણોને ઢાંકનારા મુખ્ય ચાર (૪) કર્મો.
જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અને અંતરાય, જેનું બીજું નામ "ઘાતી કર્મ".
દરેક ભવમાં આગળ કહ્યું તે પ્રમાણે "સત્તાએ" (આત્મામાં રહેલા) ગુણો સરખા હોય પણ બહાર (ઉઘાડા થયેલા ગુણોમાં) તરતમતા (વત્તા-ઓછું) હોય.
ગુણોની તરતમતા એટલે ગુણસ્થાનક. અનંતા ગુણસ્થાનકોનો ૧૪ ગુણસ્થાનકોમાં સમાવેશ કર્યો છે. હવે પહેલું (મિથ્યાત્વ ગુણસ્થાનક) સમજીએ.

# ગુણસ્થાનક

(૧) મિથ્યાત્વ મોહનીય: આ મોહમાં મોટું પાપ ગણાય છે, જે ૧૮ મા નંબરનું 'મિથ્યાત્વ શલ્ય' પાપસ્થાનક છે. અહીં પાપની ૭૦ કો.કો.સાગ. ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય.

- મિથ્યાત્વ એ આત્માનો અંધાપો છે, જે સાથે નથી આવવાનું તેના માટે ભવ બગાડીને જીવે અને જે સાથે આવવાનું છે તેની ઉપેક્ષા કરતા જીવે.
- મિથ્યાત્વ એટલે વસ્તુ જે સ્વરૂપે છે તે સ્વરૂપે ન જોવી.
- વસ્તુ જેવી છે તેવી ન જોવામાં અહંકાર બાધક બને છે.
- કોઈ એમ કહે કે "હું કહું તે જ સત્ય છે" તો તે મિથ્યાત્વમાં છે.
- સત્ય મારું કે તારું હોતું નથી. સત્ય બસ સત્ય જ છે. મારા-તારાનું વિશેષણ સત્યને મિથ્યા કરે છે.
- આ ગુણસ્થાને રહેલા જીવ પોતાના માનેલા અને બોલેલા અભિપ્રાયોમાં અતિશય કદાગ્રહી હોય છે.
- પુદ્ગલના મોહને પુષ્ટ કરનારા અને બતાવનારા દેવને સુદેવ માને છે. તે માટે કરાતા ક્રિયાકાંડ વગેરેને સુધર્મ સમજે છે. આવો મોહ લગાડનારા ગુરૂને સુગુરૂ માને છે.
- મિથ્યાત્વી "હેય"ને (છોડવા જેવા છે તેને) "ઉપાદેય" (આચરવા જેવા) સમજે અને ઉપાદેયને હેય સમજે.
- મિથ્યાત્વી જીવ કહે છે કે હું જ્યાં ઊભો છું ત્યાં સત્યને આવવું પડે. સમ્યક્દૃષ્ટિ જીવ કહે છે કે સત્ય જ્યાં છે ત્યાં હું જઈને ઊભો રહીશ.

અવિરત સ. દૃષ્ટિ ગુણસ્થાનકે સ. દર્શન છે પણ વિરતી નથી. અનુત્તરવાસી દરેક દેવો ચોથા ગુ. સ્થાને રહેલા છે. વિરતી નથી પણ વિરતિનો ભાવ છે. સામગ્રી હોવા છતાં ય ભોગવવાની બિલકુલ ઈચ્છા હતી નથી.

જે આત્મામાં સ. દર્શન નામનો ગુણ છે તે આત્મા વિરતિ માટે તલપાપડ હતો હોય. ચારિત્ર મોહનીયકર્મના ઉદયથી વિરતિ ન સ્વીકારી શકે તો જુદી વાત છે પણ મન તો ત્યાં જ હોય. સ. દૃષ્ટિ જીવને ગમે તેટલું દુઃખ પડે તો દુઃખમાં પણ એનો સમતા રહે.

એકવાર સમ્યક્ત્વ આવ્યા પછી અર્ધપુદ્ગલપરાવર્તકાળમાં જીવ મોક્ષે જાય જ. ભગવાને જે કહ્યું છે તે પ્રમાણે જગતનું સ્વરૂપ છે કદાચ અમુક વાતો આપણા મગજમાં ન ઉતરે તો એને પણ તેમાં આપણી અજ્ઞાનતાનો કારણ સમજણમાં કચાશ હોઈ શકે. વીતરાગ સર્વજ્ઞ પ્રભુ કદી પણ અસત્ય ન બોલે તેવી અતૂટ શ્રદ્ધા રાખવી તે જ સ. દર્શન કહેવાય. આ ગુણસ્થાનો માત્ર માનવાની અને સ્વીકારવાની વાત છે. અનુભૂતિની વાત અત્યાર નથી.

દા.ત. - કંદમૂળમાં અનંત જીવો છે એવું જ્ઞાની કહે તો આપણે માનવું પડે. આપણે દલીલ કરીએ કે મને બતાવો તો હું માનું. તે નરી આંખે દેખાતા નથી તો ક્યાંથી બતાવે.

ફરી એકવાર કબૂલ લો. અંતકરણ પૂર્ણ થતાં, આત્મામાં રહેલી ત્રણ દર્શનમોહનીય માંથી જો સમ્યક્ત્વ મોહનીય ઉદયમાં આવે તો ગુણસ્થાન ચોથું જ રહે છે પરંતુ ઉપશમના બદલે ક્ષયોપશમ સમ્યક્ત્વ કહેવાય છે.

આ ક્ષયોપશમ સમ્યક્ત્વ વધુમાં વધુ સાધિક છાસઠ (૬૬ કે સ્હેજ વધુ) સાગરોપમ સુધી રહે છે, અને અસંખ્યાતીવાર આવે છે અને જાય છે.

(૨) સાસ્વાદન ગુણસ્થાનક:

અગાઉ સમજાવ્યું તે મુજબ જ્યારે જીવ અંતરકરણ(ના) તરફ રહેવું અને તે પૂર્ણ થાય તે પહેલા ઓછામાં ઓછો એક સમય અને વધુમાં વધુ ૬ આવલિકા કાળ બાકી રહે ત્યારે કોઈ જીવને અનંતાનુબંધી કષાયનો ઉદય થાય છે અને ઉપશમ સમ્યક્ત્વ છૂટી જાય છે. તેને સાસ્વાદન નામનું બીજું ગુ. સ્થાનક કહેવાય છે.

બીજું ગુણસ્થાનક ઉપશમ સમ્યક્ત્વથી પડતા ~~જીવને~~ નીચે આવતા જીવને આવે અને તેનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટ ૬ આવલિકા, સમ્યક્ત્વ ગયું પણ મલિન સ્વાદ રહે છે. જેમ ખીર ખાતાં જે મીઠાશ આવે તેના જેવા વમન વખતે થોડી મીઠાશ આવે છે. આ ગુણસ્થાનકે ઉપરના ગુણસ્થાને ન જવાય. બીજું ગુણસ્થાન ચોથેથી પડતાં જ આવે ચઢતા ન આવે.

આ ગુણસ્થાન ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ શ્રેણીથી પડીને મિથ્યાત્વને સામના પહેલા હોય. ~~જીવ~~ ભવચક્રમાં પાંચ જ વાર ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેથી સાસ્વાદન પણ વધુમાં વધુ પાંચવાર આવી શકે છે.

આવલિકા એટલે શું?

આવલિકા એટલે અસંખ્યાત સમયનો કાળ.

૧ આવલિકા = અસંખ્યાત સમય

૪૮ મિનિટ માં ૧ કરોડ, ૬૭ લાખ, ૭૭ હજાર, ૨૧૬ આવલિકા હોય.

(૩) <u>મિશ્રગુણસ્થાન</u>

આગળ સમજાવ્યા પ્રમાણે અંતરકરણ પૂર્ણ થતાં જો મિશ્રમોહનીયનો ઉદય થાય તો ત્રીજું ગુણસ્થાનક આવે છે. જે વખતે ભગવાનના ધર્મ ઉપર રૂચિ પણ નહિ અને અરૂચિ પણ હોતી નથી. એટલે કે જૈન ધર્મ પર રાગ પણ ન થાય અને દ્વેષ પણ ન થાય.

<u>ત્રીજા ગુણસ્થાને આવેલા જીવો ત્રીજેથી પહેલા ગુણસ્થાને પણ જાય છે અને ફરીથી ચોથા ગુણસ્થાને પણ જાય છે</u>

ત્રીજા ગુણસ્થાને કોઈનો જન્મ ન થાય કે કોઈનું મરણ ન થાય.

ત્રીજા ગુણસ્થાને આયુષ્ય કર્મનો બંધ ન થાય અને ત્રીજા ગુ.સ્થાને અનંતાનુબંધિ ચારનો ઉદય પણ ન હોય.

ત્રીજા ગુણસ્થાનકનો કાળ માત્ર અંતર્મુહૂર્ત છે.

---

૧૪ ગુ. સ્થાનકોમાં કયા સ્થાનમાંથી જીવનું અવશ્ય પતન થાય?

૧૪ ગુ. સ્થાનમાં બે સ્થાન એવા છે કે ત્યાંથી જીવનું અવશ્ય પતન થાય. આ બે સ્થાન છે બીજું <u>સાસ્વાદન ગુણસ્થાન</u> અને <u>૧૧ મું ઉપશાંત મોહ</u>

આ બે ગુ. સ્થાનેથી જીવનું અવશ્ય પતન થાય. ૧૧ મા ગુ. સ્થાનકે આવેલા પણ જીવનું પતન થાય છે. ~~૧૪~~ કોઈ જીવ મિથ્યાત્વમાં આવીને નિગોદમાં પણ જતા રહે એવું બને. જીવને ગબડાવનું તત્ત્વ છે <u>પ્રમાદ</u>. ૧૪ પૂર્વધરોને પણ પ્રમાદ નડે છે. પ્રમાદ એ મોટામાં મોટો શત્રુ છે.